| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૧૫/૦૧/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ: | ૧૫/૦૧/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| **સમય અવધિ:** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૨** | **૧૫** |

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

# દેવભુમિ દ્વારકા જિલ્લાના મહે. પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. ખંભાળીયા.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**રે.દિ.મુ. કેસ નં. ૧૨/૨૦૨૬.**

**આંક:–**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
થ્રુ, નાયબ ઈજનેર શ્રી,
રામનગર સબ ડીવીઝન,
મુ. ખંભાળીયા, જી. દેવભૂમિ દ્વારકા. **.........વાદી.**

**વિરુધ્ધ.**

**પ્રવીણભાઈ ડાડુભાઈ ગાગીયા,**
ઉ.વ.આ.૪૫, ધંધો–ખેતી,
રહે.મુળ વિરમદડ, હાલ હે.માફીયા મેન્સવેર,
નરશીભુવનની બાજુમાં, રેલ્વેસ્ટેશન રોડ, ખંભાળીયા,
તા. ખંભાળીયા, જી.દેવભુમી દ્વારકા. **.......પ્રતિવાદી.**

| | |
|---|---|
| બાબત | **લેણી રકમ રૂ.૨૩,૫૬૮–૮૯/– પૈસા વસુલ મળવા અંગેનો દાવો** |

| | |
|---|---|
| વાદી તરફે | વિ.વ.શ્રી એન.જી. નકુમ |
| પ્રતિવાદી તરફે | એકતરફી |

## –: ચુકાદો :–

(૧) આ કામના વાદી પશ્વિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ (પીજીવીસીએલ) એ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને ગુજરાત ઈલેકટ્રીસીટી ઈન્ડસ્ટ્રીઝ એકટ–૨૦૦૩ તળે કાયદાથી રચાયેલી સંસ્થા છે. જેની પેટા કચેરી દેવભુમી ધ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકાના ખંભાળીયા મુકામે આવેલ છે. આ દાવામાં સહી, એકરાર કરનાર વાદી સંસ્થાની સદર પેટા કચેરીના નાયબ ઈજનેર અને હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ છે અને તેના ધ્વારા વાદી કંપનીની પેટા કચેરીનું સંચાલન કરવામાં આવે છે. જેથી આ હકીકતે હાલના વાદીને દાવો લાવવા હકક, અધિકાર પ્રાપ્ત થયેલ છે. વાદી કંપની વપરાશ યુનિટ ચાર્જીસ લઈને ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવાનો, વહેંચવાનો અને વીજ જોડાણ આપીને વીજળી આપવાનું તેમજ વીજળી અંગેની સેવાઓ આપવાનું કામકાજ કરે છે. આ કામના પ્રતિવાદી ખંભાળીયા તાલુકાના ખંભાળીયા ગામે રહે છે. અને વિરમદડ ગામ રામનગર સબ ડીવીઝનની અંદર આવે છે. તેમજ પ્રતિવાદી વાદી બોર્ડના ગ્રાહક હતા અને ગ્રાહક નં.૬૩૬૨૫૦૧૩૯૪૦ થી ખેતી વિષયક વીજ કનેકશન ધરાવે છે. અને આ સાથે રાખેલ કન્ઝયુમર પર્સનલ લેઝર એબસ્ટ્રેટ મુજબ વાદી કંપનીના પ્રતીવાદી પાસે વીજ વપરાશના બીલની રકમ રૂા. ૨૩,૫૬૮.૮૯/– પૈસા બાકી લેણા રહે છે. તા. ૨૫/૧૦/૨૦૨૩ ના રોજ પી.જી.વી.સી.એલ. ના અધિકારીઓ ધ્વારા વિરમદડ ગામે વીજ જોડાણ ચેક કરતાં પ્રતિવાદીના વીજ સ્થાપન સ્થળે વીજ ચેકીંગ દરમિયાન પ્રતિવાદીના પ્રતિનીધી દિપેશભાઈ ગોગીયા હાજર હોય અને તેમની હાજરીમાં વીજ સ્થાપન સ્થળે પ્રતિવાદીએ તેમના વીજ

જોડાણની સર્વિસ ઉપરાંત એક વધારાના કાળા કલરના કેબલનો હુંક બનાવી તેને લટકાવી બીજો છેડો ટ્રાન્સફોર્મર સેન્ટરના પોલ પર લગાડી સિંચાઈ માટેની મોટરમાં જોડી બીન અધિકૃત રીતે વાયર જોડી મીરટને પોતાની મરજી મુજબ વીજ વપરાશ નોંધાય તે રીતે મીટર બાયપાસ કરી વીજ ચોરી કરતા હોવાનું માલુમ પડતાં સ્થળ ઉપર પ્રતિવાદીના પ્રતિનીધીહાજરીમાં ચેકીંગી શીટ નં.૮૮૫૦ કરવામાં આવેલ અને પ્રતિવાદીને સહી કરવાનું કહેતા તેમણે ઈન્કાર કરેલ. જેથી પ્રતિવાદીને વીજ ચોરી અંગે પુરવણી બીલ તથા નોટિસ આપવામાં આવેલ. પ્રતિવાદીએ વીજ બીલ ન ભરતાં વાદી સંસ્થા તરફથી વીજ બીલ મુજબના માર્ચ–૨૦૨૪ થી જાન્યુઆરી–૨૦૨૬ સુધીના બાકી નીકળતા પૈસા ભરી જવા તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ લીગલ નોટીસ આપેલ. જે પ્રતિવાદીને મળી ગયેલ છે તેમ છતાં આજ દિવસ સુધી પ્રતિવાદીએ પુરવણી બીલ સંબંધેની કોઈ જ રકમ વાદી સંસ્થાને ચુકવેલ નથી. વાદી સંસ્થા કાયદા મુજબ (બુકસ ઓફ એકાઉન્ટ) માં વ્યવસાયનાં ક્રમમાં નિયુકત કરેલ હિસાબી કામકાજનાં નિષ્ણાંતો ધ્વારા નિયમીત રીતે લેણાંના હિસાબો વ્યવસાચિક ક્રમમાં મેઈન્ટેઈન થતાં હિસાબી ચોપડામાં રાખે છે. સદરહું હિસાબી ચોપડામાં પ્રતિવાદી પાસેથી આ દાવામાં દર્શાવ્યા મુજબની વાદી સંસ્થાની લેણી રકમ બાકી નીકળે છે. જે વસુલ કરવા વાદી સંસ્થા કાયદેસર રીતે હકકદાર થયેલ છે. જયારે પ્રતીવાદી કાયદા મુજબ જવાબદાર અને ફરજબધ્ધ છે. સદરહું હીસાબી ચોપડામાં પ્રતીવાદી પાસેથી આ દાવામાં દર્શાવ્યા મુજબની વાદી સંસ્થાની લેણી રકમ રૂા. ૨૩,૫૬૮.૮૯/– પૈસા બાકી લેવાના નીકળે છે જે પ્રતીવાદીએ વસુલ આપેલ ન હોય અને વપરાશના વીજબીલ આપવા છતાં ભરપાઈ નહીં

કરતાં વાદી સંસ્થાએ પ્રતીવાદીને નોટિસો આપવા છતાં પ્રતિવાદીએ નાંણા ભરપાઈ કરી આપેલ નથી. આ કામના પ્રતિવાદી સામે દાવો લાવી દાદ માંગે છે કે, આ દાવા અરજીના પેરા–૫ માં જણાવ્યા મુજબની પ્રતિવાદી પાસેથી બાકી લેણી રકમ રૂા.૨૩,૫૬૮.૮૯/– પૈસા અંકે રૂપિયા ત્રેવીસ હજાર પાંચસો અડસઠ અને નેવ્યાસી પૈસા પૂરા પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા, તથા આ દાવાની તારીખથી મજકુર રકમ વસુલ ન થાય ત્યાં સુધી આ દાવાની રકમ ઉપર વિલંબીત (ડીલે પેમેન્ટ) ચાર્જ તરીકે વાર્ષિક ૧૮ ટકા લેખે વ્યાજ અપાવવા તથા આ દાવાના ગુણદોષ તથા પડેલ પુરાવાના આધારે તથા કાયદો શુધ્ધ ન્યાય અને ઈકવીટીના ધોરણે બીજી જે જે દાવો આપી કે અપાવી શકાય તે તમામ વાદીને અપાવવા તથા દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા તથા દાવાનો ફેંસલો તથા હુકમનામું વાદીની તરફેણમાં તથા પ્રતિવાદી વિરૂધ્ધ કરી આપવા નમ્ર અરજ છે.

(૨) આ કામના પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસર બજવણી થતા પ્રતિવાદીને નોટીસ કરતા તેઓ વકીલશ્રી મારફતે હાજર થયેલ નહી અને તે સંજોગોમાં પ્રતિવાદી વિરૂધ્ધ તા.૧૩/૧૨/૨૦૨૬ ના રોજ જવાબનો હકક બંધ કરી દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે વાદી તરફે સાહેદ શ્રી પ્રિયાંક ભરતભાઈ પંડયાનું સરતપાસનું સોગંદનામુ આંક–૧૨ થી રજૂ કરેલ છે. તેમાં તેઓએ દાવા મુજબની હકીકતોનો સ્વીકાર કરેલ છે જેથી તેનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આધારો આધારે આંક–૧૦ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

## –:: મુદ્દા ::–

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદીએ આપેલ વીજ કનેકશનનો પ્રતિવાદી વપરાશ કરી રહેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ વાદી કંપનીના વીજ મીટર સાથે બીનઅધિકૃત રીતે ચેડા કરી ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરી રહયા હતા ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, વાદી સંસ્થા તરફથી પ્રતિવાદીને ગેરકાયદેસર વીજ વપરાશનું પુરવણી બીલ તથા સદર બીલની રકમની ચૂકવણી અંગેની લીગલ નોટિસ આપેલ હોવા છતા પ્રતિવાદીએ બીલના નાણા ભરપાઈ કરેલ નથી ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી વાદી સંસ્થાને આપેલ પુરવણી બીલની રકમ ચુકવી આપવા માટે જવાબદાર છે ?

(૫) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ અને હુકમનામુ ?

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી ધ્યાને લેતા ઉપરોકત મુદ્દાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે :–

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) હકારમાં,

(૪) હકારમાં,

(૫) અંશતઃ હકારમાં,

(૬) આખરી હુકમ મુજબ.

(૬) દાવાના કામે વાદી તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે:–

## (અ) વાદી તરફે રજુ મૌખિક પુરાવા

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | નાયબ ઈજનેર શ્રી પ્રિયાંક ભરતભાઈ પંડયાનું સરતપાસનું સોગંદનામું | ૧૨ |

## (બ) વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | દાવો દાખલ કરવા અંગેનું એપ્રુવલ | ૧૪ |
| ૨. | બ્રીફનોટ | ૧૫ |
| ૩. | દાવાની રકમ દર્શાવતું પત્રક | ૧૬ |
| ૪. | પ્રફોર્મા–૧૨ અસલ | ૧૭ |
| ૫. | સી.જી.એલ.એસ. બ્રેકઅપ ફોર્મ | ૧૮ |
| ૬. | ડી.પી.સી. ગણતરી પત્રક | ૧૯ |
| ૭. | તપાસણી અહેવાલ નં.૮૮૫૦ | ૨૦ |
| ૮. | માલ–સામાન જમા ગેટ પાસ નં. ૫૩૯૩ | ૨૧ |
| ૯. | પ્રફોર્મા–૧૫ | ૨૨ |
| ૧૦. | મીટર ચકાસણી અહેવાલ નં.૮૫૪૦૬ | ૨૩ |
| ૧૧. | મીટર લેબ પરીક્ષણ માટે હાજર રહેવાનો પત્ર | ૨૪ |
| ૧૨. | કામચલાઉ આકારણી બીલની નોટિસ | ૨૫ |
| ૧૩. | કામચલાઉ આકારણી બીલ | ૨૬ |
| ૧૪. | એનેક્ષર–૧૧ | ૨૭ |
| ૧૫. | પુરવણી બીલ | ૨૮ |
| ૧૬. | પ્રતિવાદીને નોટિસ મળ્યાની પોસ્ટની રસીદ | ૨૯ |

| | | |
|---|---|---|
| ૧૭. | પ્રતિવાદીને મોકલેલ લીગલ નોટિસ | ૩૦ |
| ૧૮. | પ્રતિવાદીને નોટિસ મળી ગયાનો પોસ્ટખાતાનો ટ્રેકીંગ રીપોર્ટ | ૩૧ |
| ૧૯. | પ્રતિવાદીના નામનો લેઝરનો ઉતારો પ્રમાણપત્ર સાથે અસલ | ૩૨ |

(૭) ત્યારબાદ આ કામે આંક–૩૩ થી વાદી તરફે કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. આ કામે પ્રતિવાદી વિરૂઘ્ધ દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

(૮) ત્યારબાદ વાદી તરફે વિઘ્વાન વકીલશ્રીની દલીલ સાંભળવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી વિરુઘ્ધ દાવાનું કામ એકતરફી ચલાવવાનો હુકમ થયેલ હોય પ્રતિવાદી તરફે કોઈ દલીલ રજુ કરવામાં આવેલ નથી.

## ::કારણો::

(૯) દાવાના કામે ઘડવામાં આવેલ મુદ્દાના જવાબના મારા કારણો નીચે મુજબ છે. આ કામે ઉપરોકત મુદ્દા નંબર : ૧ થી ૪ ની હકીકત વંચાણે લેતા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી તેના કારણોની નોંધ એક સાથે કરવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૧ અને ૪ સબબ સંયુકત ચર્ચા :–**

(૧૦) આ કામે દાવાની હકીકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદીની રહે છે. આ કામે વાદી તરફે પોતાની દાવાની હકીકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે જેઓએ આ કામે સી. પી. સી. હુકમ:૧૮ નિયમ:૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનું સોગંદનામું રજુ રાખી દાવાની હકિકતને સમર્થન પુરુ પાડેલ છે. વાદી તરફે રજુ મૌખિક પુરાવો ઘ્યાને લેતાં પ્રતીવાદીએ વાદી કંપનીના વીજ વપરાશના બાકી લેણાનાં નાણાં ચુકવી આપેલ નથી તે હકીકતને સમર્થન મળે છે. વાદી તરફે રજુ

મૌખિક પુરાવાની સત્યતા અને દાવાની હકિકતે બનાવ બનેલાની હકિકત શંકાસ્પદ બનેલ નથી. આમ, આ સાહેદના પુરાવાથી પ્રતીવાદી વાદી સંસ્થાના ગ્રાહક હોવાની હકીકતને સમર્થન મળે છે અને પ્રતીવાદીએ બાકી લેણા ચુકવેલ ન હોવાની હકીકત આ સાહેદે જણાવેલ છે તે હકીકત બીન તકરારી બની રહેલ છે. વધુમાં વાદી તરફે આંક–૧૪ થી દાવો દાખલ કરવાની એપ્રુવલ પત્ર, આંક–૧૫ થી બ્રીફ નોટ, આંક–૧૬ થી ગણતરી પત્રક, આંક–૧૭ થી પ્રફોર્મા–૧૨, આંક–૧૮ થી સી.જી.એલ.એસ. બ્રેકઅપ ફોર્મ, આંક–૧૯ થી ડી.પી.સી. ગણતરી પત્રક, આંક–૨૦ થી તપાસણી અહેવાલ, આંક–૨૧ થી માલ–સમાન જમા ગેટપાસ, આંક–૨૨ થી પ્ર ફોર્મા–૧૫, આંક–૨૩ થી મીટર ચકાસણી અહેવાલ, આંક–૨૪ થી મીટર લેબ પરીક્ષણ માટે હાજર રહેવાનો પત્ર, આંક–૨૬ થી આકારણી બીલ, આંક–૨૭ થી એનેક્ષર–૧૧, આંક–૩૨ થી પ્રતીવાદીનો નામનો લેજરનો ઉતારો વિગેરે દસ્તાવેજો રજુ થયેલ છે. આ તમામ દસ્તાવેજો અસલ દસ્તાવેજો છે અને વાદી સંસ્થાની કચેરીમાંથી રજુ થયેલ છે અને આ તમામ દસ્તાવેજોમાં પ્રતિવાદીનું નામ તથા ગ્રાહક નંબર દર્શાવેલ છે જેથી આ તમામ દસ્તાવેજોથી પ્રતીવાદી વાદી સંસ્થાના કાયદેસરના ગ્રાહક હોવાનું પુરવાર થાય છે. આંક–૧૪ થી ૧૮ માં રજુ થયેલ દસ્તાવેજોમાં વાદીના પ્રતીવાદી પાસેથી લેણી રકમ રૂા. ૨૩,૫૬૮.૮૯/– પૈસા લેવાના નીકળતા હોવાનું દર્શાવેલ છે અને આ નાણાં પ્રતિવાદીએ ચુકવી આપેલ ન હોવાનું આ દસ્તાવેજોથી પુરવાર થાય છે અને આ નાણા પરત મેળવવા માટે વાદીએ આંક–૨૫, ૨૬, ૨૮ થી પ્રતીવાદીને બીલો તથા નોટીસો આપેલ છે તે તથા આંક–૨૯ તથા ૩૧ થી પ્રતિવાદીને બીલ તથા નોટિસો

બજી ગયેલાની રસીદ તથા પોસ્ટખાતાનો ટ્રેકીંગ રીપોર્ટ રજુ કરેલ છે. આમ વાદી સંસ્થાએ પ્રતિવાદીને તેમની લેણી બાકી નીકળતી રકમ પરત મેળવવા માટે કાયદેસરની નોટીસો આપેલ, જે નોટિસો પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાંપ્રતિવાદીએ વાદી સંસ્થાને તેમના બાકી લેણા નીકળતા નાણાં આજદિન સુધી ચુકવી આપેલ ન હોવાની હકીકત વાદી તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર થતી હોય, **જેથી મુદ્દા નં.૧ થી ૪ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.**

**<u>મુદ્દા નં. ૫ ની ચર્ચા :–</u>**

(૧૧) આ કામે વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૮ ટકાના દરે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે. વાદી સંસ્થા વીલંબીત ચાર્જ અને લેણી રકમ પર વ્યાજ એકસાથે મેળવી શકે નહી. વધુમાં આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે વીલંબીત ચાર્જ તથા વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી તે સંજોગોમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ અગર તો વ્યાજ પૈકી એક મેળવવા હકકદાર ઠરી શકે. અને તે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર વ્યાજ સબબ હકકદાર ઠરાવવા ન્યાયોચીત જણાય છે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ:૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકીકત સાથે ધ્યાને લેતા વાદી સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ ૧૮ ટકાના દરે વ્યાજ અતિશયોકિતભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો, ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાની તારીખથી વીજ બીલની

રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે અને તે સંજોગોમાં **મુદ્દા નં. ૫ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી વાદી દાવાની તારીખથી વાર્ષિક ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે તથા મુદ્દા નં. ૬ સબબ ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે:–**

## –::આખરી હુકમ::–

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વીજ બીલની રકમ રૂા. ૨૩,૫૬૮.૮૯/– પૈસા વાર્ષિક ૬ ટકાના દરે સાદા વ્યાજે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાના તથા વાદી સંસ્થાના દાવાનો ખર્ચ ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામું દોરવુ.

**હુકમ આજરોજ તારીખ–૩૦ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી તથા કોર્ટનો સિકકો કરી જાહેર કર્યો.**

**ખંભાળીયા**
**તા. ૩૦/૦૩/૨૦૨૬**

**(જનકકુમાર દેવજીભાઈ સોલંકી)**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા**
**કોડ નં. GJ00979**